ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
www.gujaratuniversity.org.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

નં/આર./ 50356 /૨૦૧૮

તા.૦૧-૦૫-૨૦૧૮

# પરિપત્ર

પ્રતિ,
(૧) તમામ વિભાગીય વડાશ્રીઓ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ – ૩૮૦૦૦૯.
(૨) આચાર્યશ્રીઓ, ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો અને સંસ્થાઓ.

વિષય : ગ્રામ્ય જીવન દર્શન શિબિર અંગે.

શ્રીમાન,

ભારતનું દિલ ગામડામાં ધબકે છે. ગ્રામ્ય જીવન પોતાની એક અલગ જ ઓળખ ધરાવે છે. વિદ્યાર્થીઓ આપણા દેશની ગ્રામ્ય સંસ્કૃતિથી વાકેફ થાય અને ભવિષ્યમાં જ્યારે તેઓ એક નાગરિક તરીકે પોતાની જવાબદારી સંભાળે ત્યારે તેઓને આપણા દેશના ગ્રામ્ય જીવનની જાણકારી હોય અને દેશના સર્વાંગી વિકાસમાં તેઓ સહભાગી થાય જેવા ઉમદા હેતુસર ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ગ્રામ્ય જીવન વિષે પરિચય થાય એના માટે Students For Development અને ગુજરાત યુનિવર્સિટી દ્વારા "અનુભૂતિ" અંતર્ગત ગ્રામ્ય જીવન દર્શન - ૨૦૧૮ દ્વારા એક શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. જે તા.૧૫-૦૫-૨૦૧૮થી તા.૨૩-૦૫-૨૦૧૮ સુધી છે. આ શિબિરમાં કોલેજો, સંસ્થાઓ અને યુનિવર્સિટી ભવનોમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ જોડાઈ શકે છે. આ શિબિરમાં ભાગ લેવા ઈચ્છાતા વિદ્યાર્થીઓએ તા.૧૨-૦૫-૨૦૧૮ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

આ શિબિરમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. આ માટે https://goo.gl/forms/UY9ByMsc0kwAQzD12 લીંક પર ક્લિક કરી વિદ્યાર્થીઓ પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકે છે. હાલ આ રજીસ્ટ્રેશનની લીંક ચાલુ જ છે તથા વધુ વિગતો માટે ગુજરાત યુનિવર્સિટી તરફથી કોર્ડિનેટરશ્રી મુકેશભાઈ ખટીક (૯૮૨૫૮૦૯૧૬૧)નો સંપર્ક કરવો. ઉપરોક્ત સમયગાળા દરમિયાન આ શિબિરના સ્થળો (૧) ડાંગ, (૨) નર્મદા, (૩) પંચમહાલ, (૪) બનાસકાંઠા અથવા સાબરકાંઠા (૫) કચ્છ રહેશે. તારીખ, સ્થળ, વગેરેની વિગતવાર માહિતી કોર્ડિનેટરશ્રી મુકેશભાઈ ખટીક પાસેથી મળી રહેશે.

કા. કુલસચિવ